## સને-૨૦૧૫ થી પાંડેસરા પો.સ્ટે.ના અપહરણના ગુનામાં નાસતો ફરતો આરોપીને ઝડપી પાડી, ભોગ બનનારને શોધી કાઢતી, સુરત શહેર ક્રાઇમ બ્રાંચ

સુરત શહેરના ગુમ થયેલ બાળકો તથા કિશોર/ કિશોરીઓને શોધી કાઢવા તેમજ અપહરણના ગુનામાં નાસતા ફરતા- આરોપીઓ પકડવા માટે સુચનાના અનુસંધાને ક્રાઇમ બ્રાંચના અધિકારી /પો.માણસો પેટ્રોલીગમાં હતા દરમ્યાન પો.સ.ઇ પી.કે.પટેલ નાઓની ટીમના માણસો અ.હે.કો. રાજેન્દ્ર ગીરીશભાઇ તથા અ.હે.કો. ફરીદખાન નસીબખાન નાઓને મળેલ બાતમી હકીકતના આધારે ઉપરપ્રદેશ રાજયના મિરઝાપુર જીલ્લાના કકરહવા ગામમાંથી આરોપી–દિનેશ રાજેન્દ્ર ઉર્ફે સરોજ ઉ.વ-૨૨ ધંધો-મજુરીકામ રહે-ગામ. કકરવા.પોલીસ ચોકી મંડી થાના કટરા જી.મિરઝાપુર (ઉતરપ્રદેશ) નાની પકડી પાડેલ છે. તેમજ ગુમ થયેલ કિશોરી ઉ.વ-૧૭(૨૦૧૫) નીને શોધી કાઢવામાં આવેલ છે. તેમજ મજકુર આરોપી નાસતો-ફરતો હોય નામદાર કોર્ટમાંથી આરોપી વિરૂધ્ધ સી.આર.પી.સી.કલમ ૭૦ મુજબનુ ધરપકડ વોરંટ ઇસ્યુ થયેલ છે.

આ કામના ફરિયાદીશ્રી નાઓની દીકરી ઉ.વ-૧૭ નાની તા.૧૦/૧૨/૨૦૧૫ ના કલાક ૦૮/૩૦ થી ૦૮/૪૫ દરમ્યાન પોતાના ઘરેથી કોઇને કંઇ કહયા વગર ચાલી ગયેલ જે બાબતે પાંડેસરા પો.સ્ટે. ગુનો રજીસ્ટર થયેલ સદર ગુનાની તપાસ દરમ્યાન આરોપી – ભોગ બનનાર નહી મળી આવતા ગુનાની તપાસ એન્ટીહયુમન, ટ્રાફીકીંગ સેલ ડી.સી.બી.પો.સ્ટે., સુરત ખાતે સોંપવામાં આવેલ દરમ્યાન આરોપી દિનેશ સરોજ અને અપહરણ થયેલ કિશોરી વિશે પુરતી માહિતી મેળવી તેઓ વતન મિરઝાપુર ખાતે જ રહેતા હોવાની ખાત્રી થતા તુરંત જ પોલીસ માણસોની ટીમ મિરઝાપુર ખાતે રવાના કરી આરોપી અને અપહરણ થયેલ કિશોરીને શોધી કાઢવામાં આવેલ છે.